ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/એએલટી/પીઓએલ/૬૧/૩૫
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખ: ૨૪/૧૦/૨૦૧૧

:: પરિપત્ર ::

**વિષય:– નિગમની નવી ઉભી થતી વસાહતોમાં વિકાસ ખર્ચ વસુલ કરવા બાબત**

નિગમની તા. ૧૪/૬/૨૦૧૧ ના રોજ મળેલ ૪૫૬મી સભામા લેવાયેલ નિર્ણય અનુસાર નિગમ ધ્વારા નવી ઉભી થતી વસાહતને લીધે આજુબાજુના ગામોની જમીન ગુમાવનાર ખાતેદારોને ગામની સમાજ કલ્યાણની પ્રવૃતિ માટે પ્રાયોગિક ધોરણે દહેજ ઔદ્યોગિક વસાહતમાં જમીન સંપાદનમાં જમીન ગુમાવનાર જમીનના ખાતેદારો માટે સમાજ કલ્યાણની પ્રવૃતિઓ માટે સામાજિક જવાબદારીના ભાગરૂપે વિકાસ ખર્ચ પેટે પ્રતિ ચો.મી. રૂ. ૧૫/– લેખે વસુલ કરી પી.સી.પી.આઈ.આર. વેલ્ફેર સોસાયટીની રચના કરવામાં આવેલ. અને તેનું સચાલન નિગમના તથા વસાહતના સંયુકત ઉપક્રમે કરવા માટે બંધારણ તૈયાર કરવામાં આવેલ છે. આ સોસાયટીને તેના કાર્યોમાં મદદરૂપ થવા માટે નિગમ ધ્વારા દહેજ ઔદ્યોગિક વસાહતમાં આવતા ઉદ્યોગકારો પાસેથી પ્રતિ ચો.મી. રૂ. ૧૫/– વસુલ કરવાનું નિગમની તા. ૧૪/૦૬/૨૦૧૧ ની ૪૫૬ મી સભામાં ઠરાવવામાં આવ્યું હતું.

નિગમની તા. ૧૨/૧૦/૨૦૧૧ ના રોજ મળેલ ૪૫૯ મી સભામાં ઉપરોકત બાબતે નીચે મુજબનો ઠરાવ પસાર કરીને તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(અ). નિગમની ૧૫૦૦ હેકટરથી મોટી ઔદ્યોગિક વસાહતોમાં રૂ. ૧૦/– પ્રતિ ચો.મી. વિકાસ ખર્ચ તરીકે વસુલ કરવા અને આ વસુલ થતી રકમ નિગમના હિસાબમાં અલગથી જમા લેવી અને આ જમા લીધેલ રકમ વસાહતમાં સમાવેશ થતા ગામોના ઉત્થાન માટે સ્થાનિક સોશ્યલ વેલ્ફેર સોસાયટીનું આયોજન કરીને જે તે ગામોની જમીન સંપાદનમાં ગયેલ છે તેવા અસર કરતા ગામોના ઉત્થાન માટે સામાજિક જવાબદારીના એક ભાગ રૂપે ખર્ચ કરવા અંગે આયોજન કરવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં, સાણંદ–૨ ઔદ્યોગિક વસાહત ૧૫૦૦ હેકટર કરતા મોટી ઔદ્યોગિક વસાહત હોવાના કારણે સદર ઠરાવ અનુસાર "સાણંદ–૨ સોશ્યલ વેલ્ફેર સોસાયટી" તરીકેનું આયોજન કરવાનું રહેશે અને રૂા. ૧૦/– પ્રતિ ચો.મી. વિકાસ ખર્ચ તરીકે વસુલ કરવા અંગે ઠરાવવામા આવ્યું.

(બ) વધુમાં, ઠરાવવામાં આવ્યુ કે, જે વસાહતોના કદ ૫૦૦ હેકટરથી મોટા અને ૧૫૦૦ હેકટરથી નાના હોય તેવી ઔદ્યોગિક વસાહતોમાં રૂ. ૧૦/– પ્રતિ ચો.મી. વસુલ લઈ ઉપર મુજબની સામાજિક જવાબદારી કેન્દ્રીયકરણ કરીને નિગમ ધ્વારા સેન્ટ્રલાઈઝ સોશ્યીલ વેલ્ફેર સોસાયટી તરીકે આયોજન કરીને સામાજિક જવાબદારીના એક ભાગરૂપે ખર્ચ કરવાનું ઠરાવવામાં આવ્યું.

નિગમ ધ્વારા જુદા જુદા 'હેડ' માં વસુલ કરેલ ફંડ બાબતે રૂપરેખા તૈયાર કરવા અને આ અંગે આગામી સભામાં દરખાસ્ત મુખ્ય હિસાબી અધિકારીશ્રી ધ્વારા આયોજન કરી રજુ કરવા અંગે ઠરાવવામાં આવ્યું.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મનેજર(વિતરણ) ના નામજોગ પાઠવવી.

(ALT) BRANCH
INWARD No. 325
DATE 24/10/11

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

GENERAL MANGER (ALT)

રવાના કર્યું
જનરલ મેનેજર ( ઈ એન્ડ એ )

પાછળ.